॥ સનાતન પરમો ધર્મ ॥

રવિવારી પૂર્તિ

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનું મુખપત્ર

પ્રચાર પ્રસાર જાગૃત ઉજાગર

સનાતન ધર્મ પત્રિકા

Email : office@sanatandharmpatrika.com I Web : www.sanatandharmpatrika.com

● સં. ૨૦૭૬ ● આષો વદ-અમાસ ● તા. ૧૫-૧૧-૨૦૨૦ ● રવિવાર SDP NO: 211 MOB. : +91 78018 77774, +91 77189 77774. anksanatandharmpatrika@gmail.com

૦૬ વર્ષમાં ક્યાં ઊજવી દિવાળી. મોદીજી નું અનોખું સ્વરૂપ

૨૦૧૯- મોદી જમ્મુ - કાશ્મીરના રાજૌરીમાં નિયંત્રણ રેખા પર તહેનાત જવાનો સાથે દિવાળીની ઉજવણી કરવા માટે રાજૌરી ગયા હતા. તેમણે કહ્યું હતું , યુદ્ધ હોય કે ઘૂસણકોરી હોય , આ વિસ્તારને સૌથી વધુ પડકારનો સામનો કરવો પડ્યો છે , પણ આ ક્ષેત્ર એવું જેણે ક્યારેય હાર નથી માની.

૨૦૧૮- વડાપ્રધાન દિવાળીના અવસરે ઉત્તરાખંડમાં કેદારનાથ મંદિરનાં દર્શન માટે ગયા હતા. અહીં તેમણે ચીન બોર્ડર પાસે હરસિલ ગામના કેન્ટ વિસ્તારમાં ભારતીય સશસ્ત્ર દળ અને ITBP ના જવાનોની મુલાકાત કરી હતી . અહીં તેમણે કહ્યું હતું, બરફવાળા વિસ્તારમાં તમારી ફરજ પ્રત્યેનું સમર્પણ દેશને મજબૂતાઈ પ્રદાન કરે છે . તમારા જ કારણે દેશના સવા સો કરોડ લોકોનાં સપનાં સુરક્ષિત છે .

● ૨૦૧૭- આ વર્ષે મોદીએ દિવાળીની ઉજવણી જમ્મુ - કાશ્મીરના ગુરેજ સેક્ટરમાં સૈનિકો સાથે કરી હતી .

● ૨૦૧૬- મોદીએ હિમાચલ પ્રદેશ પાસે આવેલા ચીન બોર્ડર પાસે ઈન્ડો - તિબેટ બોર્ડર પોલીસના જવાનો સાથે દિવાળીની ઉજવણી કરી હતી .

● ૨૦૧૫- વડાપ્રધાને અમૃતસર બોર્ડર પર જવાનો સાથે દિવાળીની ઉજવણી કરી હતી .

● ૨૦૧૪- મોદીએ સિયાચીનમાં જવાનો વચ્ચે દિવાળીની ઉજવણી કરી હતી..

વંદે માતરમ..

કંઈ ને કંઈ નવું ઈનોવેટ કરો . એને જીવનનો ભાગ બનાવો . જવાનોની ક્રિયેટિવિટી દેશ માટે કંઈ નવું લાવી શકે છે . આ તમારા લોકો માટે જરૂરી છે .

યોગને તમારા જીવનનો ભાગ બનાવીને રાખો.

આપણે તમામ માતૃભાષા બોલીએ છીએ , કોઈ હિન્દી તો કોઈ અંગ્રેજી બોલે છે . તમારા સાથીમિત્ર પાસેથી ભારતની કોઈ એક ભાષા જરૂર શીખજો . આ તમારી શક્તિ બની જશે.

જવાનોને મોદીનો મેસેજ આપણે આપણા એ વીર સૈનિકોને પણ યાદ રાખવાના છે , જેઓ આ તહેવારો પર સીમા પર ખડેપગે છે , ભારત માતાની સેવા અને સુરક્ષા કરી રહ્યા છે . આપણે તેમને યાદ કરીને જ આપણા તહેવારોની ઉજવણી કરીએ છીએ . આપણે ઘરમાં એક દીપ ભારતમાતાના એ વીર સપૂતો માટે પ્રગટાવાનો છે . હું મારા વીર જવાનોને પણ કહેવા માગીશ કે ભલે તમે સરહદ પર છો , પણ આખોય દેશ તમારી સાથે છે , તમારું સન્માન કરી રહ્યો છે . હું એ પરિવારોને પણ નમન કરું છું , જેમનાં દીકરા - દીકરીઓ આજે સરહદ પર છે . દરેક એ વ્યક્તિ જે દેશ સાથે જોડાયેલી હોઈ , કોઈ ને કોઈ જવાબદારીને કારણે પોતાના ઘરે નથી , પોતાના પરિવારથી દૂર છે , હું દિલથી તેમનો આભાર માનું છું .

નરેન્દ્ર મોદી. વડા પ્રધાન..

દિવાળી ના શુભ દિવસો માં અરલ ગામે માવજીબાપા ની ડેલીએ દર્શન કરવા પહોંચ્યા ભાજપ ના વિજેતા ઉમેદવાર અબડાસા ના ધારાસભ્ય એવા પ્રદ્યુમ્નસિંહ જાડેજા..

અભિનંદન... સ્ત્રી ગૌરવલક્ષ્મી ને..

માનનીય શ્રીમતી યશોદાબેન તથા રમીલાબેન, મહિલા સંઘના પદાધિકારીઓ વતી જ્ઞાતિજનો વચ્ચે મુકવામાં આવેલ વિચાર ધારા નું પાલન કરવા નું સૂચન.... **ગૃહલક્ષ્મી નુ પૂજન** કરી આજ રોજ કાંતિભાઈ હળપાણી સાવલી, નાં ગૃહે શરૂઆત કરવામાં આવી.

આ પ્રયોગ ઘરે ઘરે થાય એ ઇચ્છનીય છે...

શુભ શરૂઆત કરવામાટે કાન્તીભાઈ ને ખૂબ ધન્યવાદ સાથે અભિનંદન...

નારી ને શક્તિ કહીયે તો તેના અનેક સ્વરૂપ માં આજે ગૃહલક્ષ્મી નું સ્વરૂપે પૂજન..

ચિંતનકણિકા

નાનપણથી જ...બે અઢી વર્ષની ઉંમરથી જ બાળકને અંગ્રેજી ભાષા શીખવી દેવાની ઘેલછા મોટા ભાગનાં માતાપિતામાં જન્મી છે. એમને કદાચ એવું લાગતું હશે કે અંગ્રેજી ભાષાની એ છેલ્લી ટ્રેન હશે !...અને એ ટ્રેન નહીં પકડે તો રહી જશે અને બાળક પાછું પડી જશે. પણ ગ્રહણશીલતાનો સિદ્ધાંત જો તેઓ બહુ સારી રીતે સમજે તો આવું વિચારવાની ભૂલ નહીં કરે.

પ્રાથમિક તબક્કાની માતૃભાષા આવડે તે પહેલાં જ અંગ્રેજી ભાષા શીખવી દેવાનો આગ્રહ રાખનાર માતાપિતા બાળકને બહુ મોટું નુકસાન કરે છે. બાળકની કારકિર્દી ઘડવાની લાલસામાં બાળકના મૂળભૂત અને જન્મજાત વ્યક્તિત્વનો ભોગ લે છે. અંગ્રેજી આવડી જશે તો ગહણશીલતા ખીલશે એવું નહીં, પણ ગ્રહણશીલતા ખીલશે તો અંગ્રેજી શીખવું એ તો રમતવાત છે...અને વિશ્વભરના શિક્ષણ ચિંતકો અને મનોવૈજ્ઞાનિકો એમ માને છે કે ગ્રહણશીલતા સહજતાથી ખીલે છે માતૃભાષામાં.

જે ભાષામાં બાળક બોલે, વિચારે, પરિવારજનો એની સાથે જે ભાષામાં વાત કરતાં હોય, એનું હાસ્ય -રુદન અને સ્વપ્નો જે ભાષામાં વ્યક્ત થતાં હોય એ ભાષામાં જ એ પોતાની આસપાસ બનતી ઘટનાઓ અને વ્યવહારોનું અર્થઘટન અને અર્થગ્રહણ સારી રીતે કરી શકે છે.

બીજી ભાષામાં જીવન-વ્યવહારની આવી અભિવ્યક્તિ સહજ અને સરળ હોતી નથી. એવું બધું માતૃભાષામાં વિચારીને પછી અભિવ્યક્ત કરવું પડે છે. તેથી તેમાં કૃત્રિમતા તો પ્રવેશે જ છે પણ અપૂર્ણતા પણ સર્જાય છે. ભાવ અને લાગણીઓ યથાતથા પહોંચતાં નથી. વળી ભાષાનું આવું રૂપાંતરણ કરવામાં બાળકની માનસિક શક્તિ ઘણી ખર્ચાઈ જાય છે. અનુવાદનું એક વધારાનું પગથિયું દરેક વખતે ચડવું પડે છે...અને તેથી સંસ્કારસિંચનની અને ગ્રહણશીલતાની બે મહત્ત્વની પ્રક્રિયાઓ વિલંબિત થાય છે. આવું થાય ત્યારે શરૂઆતમાં માતા પિતા આવા સૂક્ષ્મ પણે થતા વિલંબ અને ગ્રહણશીલતાને આડે ઊભા થતા અવરોધને સમજી શકતા નથી. બાળક નવી ભાષાના થોડા શબ્દો શીખી લે અને એ ભાષાને છાજે એવા લટકા-મટકા સાથે બાળકને વાત કરતાં જુએ ત્યારે માતાપિતા એનો 'વિકાસ' થઈ રહ્યો છે એવું સમજે છે...પણ આ મોટો ભ્રમ છે. આ ભ્રમમાંથી માપાપિતા મુક્ત થાય તો જ એમનું જીવન સાર્થક થાય.

શિક્ષણ-પ્રતિભા શોધ

મિશન અભિમન્યુ
શ્રી ઉમા એજ્યુકેશન અને ચેરીટેબલ ટ્રસ્ટ
SUV international school

SUV સ્કૂલ કેમ્પસ મેનેજમેન્ટ સમિતિ સર્વ જ્ઞાતિ જનો ને આ મહા પર્વ નિમુતે શુભેચ્છા પાઠવે છે.

जैसे रामजी का १४ साल का वनवास दीपावली के दिन खत्म हुआ था वैसे हम सबका १ साल का कोरोना वास ये शुभ पर्व पर खत्म हो जाए ऐसी शुभकामनाएँ

માહિલાસંઘ ના અભિગમ ને વાસ્તવિક સ્વરૂપ આપી ને ધનલક્ષ્મી એજ તો ગૃહ લક્ષ્મી ને સન્માનિત કરી શકાય ને પૂજન કરવું.. ધનતેરસના પવિત્ર દિવસે ગૃહ લક્ષ્મી પૂજન.. સ્વર્ગસ્થ કાનજીભાઈ અરજણભાઈ પોકાર પરિવાર ભરૂચ (વાલકા કચ્છ) દ્વારા કરવામાં આવ્યું જે ઘરમાં દીકરી અને પુત્રવધુઓ કિલ્લોલ કરતી હોય એ ઘર સ્વર્ગ બની જાય છે...આપણી સંસ્કૃતિમાં "યત્ર નાર્યસ્તુ પૂજ્યન્તે રમન્તે તત્ર દેવતાઃ" ના શાસ્ત્રના વચન ને ચરિતાર્થ કરવાનો નમ્ર પ્રયાસ પોકાર પરિવાર દ્વારા કરવામાં આવ્યો..... ગૃહલક્ષ્મી પૂજન સપરમા એટલે મોટા દિવસો, લાભપાંચમ સુધી અને દેવદિવાળી ના પણ પોતાના અનુકળતા એ કરવું જોઈએ.

પરિવાર પ્રેમ, સાસુ-વહુ માં ઘનિષ્ઠા તથા સમર્પણ ભાવમાં વધારો થશે એ નક્કી જ છે. બીનખર્ચાળ આ કાર્યક્રમ પ્રતિવર્ષ ઉજવાય તો એના પરિણામ સારાં આવશે...

ખુશી, હર્ષોલ્લાસ અને ઉમંગના મંગલમય પર્વ દીપોત્સવી તેમજ નુતનવર્ષની મારા તમામ મિત્રો, શુભચિંતકો, શુભેચ્છકો ને સહૃદય શુભેચ્છાઓ સહ શુભકામનાઓ.....

દીપોત્સવ તેમજ નુતનવર્ષ ના આ પવિત્ર તહેવાર આપના જીવનને સુખ,સમૃદ્ધિ,સૌહાર્દ અને અઢળક ખુશીઓથી સંપન્ન બનાવે એજ ઈશ્વરને પ્રાર્થના.

~ રમેશ દેવજીભાઈ વાસાણી
સમસ્ત વાસાણી પરીવાર નાશિક.

યુવા સુરક્ષા કવચ નો સહયોગ નિધી ચેક અર્પણ બીલીમોરા..

યુવા સુરક્ષા કવચ

સનાતન સમાજ બીલીમોરા ના YSK સભ્ય સ્વ. હિમ્મતભાઈ ગોવિંદભાઈ સાંખલા (પુંજાણી) ની સહયોગ નિધી નો બીજો ચેક રકમ પાંચ લાખ નો એમના નિવાસ સ્થાન પર રૂબરૂ યુવા મંડળ ના હોદેદારો , DG રિજિયન ચેરમેન વિનોદ રામાણી , બીલીમોરા યુવા મંડળ પ્રમુખ દામોદર સાંખલા તેમજ YSK કન્વીનર સંદીપ હળપાણી ના હસ્તે આજ રોજ ૧૪ નવેમ્બર અર્પણ કરવામાં આવ્યો.

YSK (યુવા સુરક્ષા કવચ) નું સ્લોગન "અપને લિયે નહિ આપનો કે લિયે હે" આવો આપણે સૌ સાથે મળી સાર્થક કરીયે સમાજ ના અને યુવા મંડળ ના સભ્યો પોતાનું YSK બનાવી યુવા મંડળ ના કાર્ય ને સરળ બનાવીયે.

હવે તો પેપર લેસ કાર્ય પણ થયું છે.. આ દીપાવલી ના પર્વ નિમિત્તે હર કોઈ ને આ યોજના ના સહયોગી બનાવી ઉમદા કાર્ય કરીએ..

ખાસ પરિવાર ની પણ સામેથી અનુમતિ મળી અને બીલીમોરા યુવા મંડળ દ્વારા કહેવાયું કે જરૂર ફોટો પ્રિન્ટ કરજો. આ યોજના કોઈના જીવન માં આવેલ અંધકાર ના સમયે અજવાળું પાથરે છે.. જનાર તો હવે અહીં આપણી વચ્ચે નથી પરંતુ પરિવાર સુરક્ષા માટે નો એમનો અભિગમ અને યુવાસંઘ નું ઉમદા કાર્ય હરકોઈ ના ઘર માં પ્રવેશે અને આ દીપોત્સવી નિમિતે યુવા સુરક્ષા કવચ નું તોરણ હર પરિવાર ના ડેલીએ બંધાય તેવા ભાવ સાથે આ તસવીર અહીં મુકવાનો પ્રયાસ છે ..

શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ, રાયપુર માદરે વતન ની કયા ગામની કેટલી સંખ્યા તેની માહિતી દિવાળી ૨૦૨૦

આજથી શરૂ થતા નુતન વર્ષ માટે આપને હાર્દિક શુભેચ્છા પાઠવીએ છીએ. ૨૦૭૭ નું વર્ષ આપને અને આપના પરિવારને સુખ, શાંતિ, સમૃદ્ધિ, ઐશ્વર્ય અને તંદુરસ્તી આપનારૂ નિવડે એવી શુભકામના... સાથે મા ઉમિયા તથા ભગવાન શ્રી લક્ષ્મીનારાયણ ને પ્રાર્થના...

હોદેદારશ્રી...
શ્રી પાટીદાર સમાજ, રાયપુર.
પ્રમુખશ્રી ભાણજીભાઇ રામજીભાઈ પોકાર.
મહામંત્રીશ્રી વેલજીભાઇ ડાયાભાઇ રૂડાણી.

રાયપુર સમાજ નું વસ્તી પત્રક
વિક્રમ સંવત ૨૦૭૬-૨૦૭૭.

ભૈયાપુરા કંપા.	૦૨-૦૨.
રણજીતપુરા કંપા	૦૩-૦૩.
કનકપુર	૦૩-૦૩.
માધાપર.	૦૪-૦૪.
ગઢસીસા.	૦૦-૦૪.
મથલ.	૦૭-૦૪.
ભડલી.	૦૫-૦૦.
મંગવાણા.	૦૫-૦૬.
ખીરસરા.	૦૬-૦૬.
જતાવીરા.	૦૬-૦૬.
વડાગામ.	૦૬-૦૬.
નવી મંજલ.	૦૯-૦૯.
આનંદસર(મંજલ)	૧૧-૧૧.
હરીપુરા(નિરોણા)	૧૬-૧૬.
સુખપર વિરાણીમોટી	૧૭-૧૬.
જીયાપર.	૧૮-૧૮.
ઉખેડા.	૧૫-૨૦.
નાગલપર.	૧૯-૨૦.
અમલાઇ કંપા.	૨૩-૨૫.
કલ્યાણ પર.	૨૦-૨૫.
માનકુવા.	૨૫-૨૫.
આનંદસર(વિથોણ)	૩૧-૩૨.
દેસલપર	૩૧-૩૭.
રામપુરા કંપા.	૩૮-૩૯.
કંડાય.	૩૮-૪૯.
પલીવાડ.	૬૯-૬૮.
ધાવડા મોટા.	૭૩-૭૪.
રામપર(રોહા)	૮૬-૭૬.
નાની અમરોલ.	૯૦-૯૯.
દેવપર (યક્ષ)	૧૬૩-૧૬૭.
દેવીસર.	૨૩૪-૨૪૦.
નાના અંગિયા.	૩૦૧-૩૧૪.
સાંયરા (યક્ષ).	૩૨૧-૩૧૪.
આનંદપર(યક્ષ).	૩૧૮-૩૨૩.
વિથોણ.	૭૦૬-૭૧૭.
નખત્રાણા.	૮૬૫-૮૭૬.
વિરાણી મોટી.	૯૫૫-૯૬૫.
કોટડા(જ).	૯૯૭-૯૯૮.

જનસંખ્યા સંવત ૨૦૭૫ માં ૫૫૪૯.
જનસંખ્યા વધારો. ૬૦.
સંવત. ૨૦૭૬ માં ૫૬૦૯.

-:માહિતી:-
મહામંત્રીશ્રી વેલજીભાઇ ડાયાભાઇ રૂડાણી.
શ્રી પાટીદાર સમાજ, રાયપુર.
સંયોજક- કાવારા

ભારત સરકાર ના ગૃહપ્રધાન અમીતનશાહ કચ્છ પધારી ને વિજયોત્સવ ની કરી શરૂઆત ત્યારે તે પ્રસંગે વેલકમ સ્પીચ આપતા યુવા તરવરીયા નીતીનભાઈ લીંબાણી ધડુલી (સરપંચશ્રી) નિતીન રૂડાણી ની કચ્છ મિત્ર માં પણ જાગૃત સરપંચ તરીકે ની નોધ લીધી હતી.

અવસાન નોંધ

તારીખઃ ૧૨/૧૧/૨૦
સ્વં અરજણભાઈ નારણ ભાઈ હળપાણી,
ઉમર ૭૨,
નવી મજલ કચ્છ,
હાલે કોરબા છત્તીસગઢ.

તારીખઃ ૧૩/૧૧/૨૦
સ્વ. નારણભાઈ ગોપાલ રવાણી,
ઉમરઃ ૭૪ વર્ષ,
કચ્છ : રસલીયા,
હાલે : ચેન્નાઈ.

તારીખઃ ૧૪/૧૧/૨૦
સ્વ અર્જુનભાઈ નથુભાઈ ડાયાણી,
ઉમર ૫૪,
સાંગનારા કચ્છ,
કોલ્હાપુર,
મહારાષ્ટ્ર.